હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મમ્મી...ફ્રીજમાંથી બરફ લઇ ઊપરની ટાંકીમાં નાખી આવ ને...!!

સંકુલ સાદરાના કુમાર છાત્રાલયમાં ગૃહપતિ દ્વારા વૃક્ષોનું જતન કરાયું. વિદ્યાર્થીઓ ઉનાળુ વેકેશનમાં પોત પોતાના વતનમાં છે ત્યારે ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ-સાદરાના કુમાર છાત્રાલય આગળ વાવેલા વૃક્ષોનું જતન ગૃહપતિ મોહનાઈ પટેલ અને જયેશભાઈ રાવલ કરી રહ્યા છે. જેમાં કરણ, જાસૂદ, લીંબુડી, જાંબુ, આંબો જેવા ફૂલછોડ અને ફળછોડની આજુબાજુ ખામણું મોટું કરવું, પાણી પાવું જેવા કાર્યો કરી વિદ્યાર્થીઓ છાત્રાલયમાં આવે ત્યાં સુધી ધખધખતી ગરમીમાં વૃક્ષોનું જતન કરવાની ઉમદા સેવા કર્યાનું બેનમૂન ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

ક-૭ પાસે સ્કોડાના શો-રૂમના વિવાદની બેઠકમાં માથાકુટ થતા ૬ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૫

સરખેજ માર્ગ પર આવેલા સ્કોડાના શો-રૂમ અને જમીન અંગે વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે આ વિવાદ ઉકેલવા માટે ૬ શખ્સોએ એકઠા થઈ એક વ્યકિતને શહેરના ક-૭ પાસે ખાનગી બંગ્લોઝમાં બોલાવ્યો હતો. જયાં અગાઉથી બેઠેલા શખ્સો દ્વારા તૈયાર કરાયેલા એગ્રીમેન્ટ કરાર પર થલતેજના વ્યકિતને સહી કરવા માટે કહેવામાં આવ્યું હતું. થલતેજના વ્યકિતને આ એગ્રીમેન્ટ નુકશાન કર્તા હોવાથી તેને સહી કરવાની ના પાડી દીધી હતી. ત્યારે શખ્સોએ આ વ્યકિતને ગાળો બોલી કુટુંબને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગડદાપાટુનો માર માર્યો હતો. જો એગ્રીમેન્ટ પર સહી નહી કરે તો ગોંધી રાખી તને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી શખ્સોએ આપતા થલતેજના શખ્સે તમામ ૬ શખ્સો સામે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ થલતેજ સુરધારા સર્કલ પાસે તુલીપ બંગ્લોઝ ખાતે રહેતા વિરલભાઈ મુકુંદભાઈ શાહ કુકરવાડા ખાતે જીસ્કોલ એલોઈજ લીમીટેડ નામની સ્ટીલની ફેકટરી ધરાવે છે. ત્યારે વિરલ શાહની ફરીયાદમાં થયેલા દાવા પ્રમાણે શનિવારના રોજ સવારે ૧૧ વાગ્યાના અરસામાં ભૌમિક ઠક્કરનો તેમના પર ફોન આવ્યો હતો.જેમાં સાંજે વસંત વિહાર બંગલો ખાતે જનકાર સોલંકી આવવાના છે અને સ્કોડાના શો રૂમની મેટર અંગે ચર્ચા કરવાની છે, તો તમે આવજો. જેથી વિરલ શાહ તેમના ડ્રાઈવર સાથે સાંજે વસંત વિહાર ખાતે પહોંચ્યા હતા. તેઓ ઘરમાં ગયા તે સમયે ભૌમિક ઠક્કર અને જનકાર સોલંકી (અમદાવાદ) હાજર હતા. ત્યારપછી થોડીવારમાં આઈ.એચ.સૈયદ વકીલ (અમદાવાદ), રવિ ચૌધરી (ગાંધીનગર) વડોદરા ખાતે રહેતા કુરેન અમીન અને ઈક્ષિત અમીન આવ્યા હતા. એસજી હાઈ વે પર સ્કોડાનો શો-રૂમ જે હાલ બંધ હાલતમાં છે, આ શો-રૂમ અને જમીન અંગે કુરેન અમીન દ્વારા સીઆઈડી ક્રાઈમમાં ફરીયાદ કરીને ૨૬ વ્યકિતના નામ લખાવ્યા હતા. જેમાં ફરીયાદી વિરલભાઈ અને જનકાર સોલંકીનું પણ નામ હતું. ફરીયાદીના દાવા મુજબ હાઈકોર્ટમાંથી તેઓનુ નામ કવોશ થઈ ગયેલ છે. આ મછતા તમામ વ્યકિતઓએ એક એગ્રીમેન્ટ તૈયાર કર્યુ હતું. જેમાં શો-રૂમમાં નુકશાનની જવાબદારી તેઓ વિરલભાઈના માથે નાંખી રહ્યા હતા. જેથી તેઓએ એગ્રીમેન્ટ પર સહી કરવાની ના પાડી દીધી હતી. આ સાંભળી તમામ વ્યકિતઓ ઉશ્કેરાઈ ગયા હતા અને સહી નહી કરે તો ફરીયાદીના પરિવારને જાનથી મારી નાંખવાની અને તેના પર બળાત્કારની ખોટી ફરીયાદ કરી ફીટ કરી દેવાની ધમકી આપી હતી. ત્યારબાદ વિરલભાઈ ઉભા થતા તેઓને ગડદાપાટુનો માર માર્યો હતો.વિરલ શાહે નોંધાવેલ ફરીયાદ પ્રમાણે આરોપીઓથી છુટીને તેઓ કંમ્પાઉન્ડ તરફ દોડવા લાગતા આરોપીઓએ બહાર જવા દેવાનો નથી, ગોંધી રાખવાનો છે, દરવાજો બંધ કરો, તેવી બુમો પાડી હતી. જેથી વિરલભાઈનો ડ્રાઈવર કારમાં બેસી રહ્યો હોવાથી તેઓ દોડીને કારમાં બેસી જતા ડ્રાઈવરે કાર દોડાવી મુકી હતી. ત્યારબાદ તેઓ ઘરે ગયા હતા. ત્યારપછી ઝાયડસ ખાતે સારવાર કરાવવા માટે ગયા હતા. હોસ્પિટલમાં સારવાર બાદ તેઓએ બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ૬ શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે. ફરીયાદીના દાવા મુજબ ગત તા.૨૯ એપ્રિલના રોજ તેમની આશ્રમ રોડ પર આવેલી ઓફિસ ખાતે પણ ધાક-ધમકી આપી હતી. જે અંગે તેઓએ નવરંગપુરા પોલીસ મથકે અરજી આપી છે.

રવિવારે સવારે ૭:૦૦ વાગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જશવંત પટેલ અને ભારતીય જનતા પાર્ટી ના કાર્યકર્તાઓ દ્વારા અમિયાપુરથી અંબાપુર જવાના નર્મદા કેનાલ બ્રિજ પાસેના વિસ્તારનું 'સફાઈ અભિયાન' કરવામાં આવ્યું હતું.

પેથાપુરની સગીરાને અપહરણ કરી ભગાડી જનાર શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક પેથાપુરની સગીરાને લલચાવી-ફોસલાવી અપહરણ કરીને ભગાડી જનાર શખ્સને ઉતરપ્રદેશથી પેથાપુર પોલીસે પકડી પાડ્યો હતો. જયારે પોલીસે સગીરાને તેના પરિવારને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૮ ખાતે આવેલા સ્વીટમાર્ટના ગોડાઉન પર કામ કરતા શખ્સ સાથે પેથાપુરની એક યુવતિ કામ કરતી હતી. યુવતિને ગામની તેની બહેનપણી પણ અવાર-નવાર મળવા માટે આવતી હતી. જેથી સગીરા શખ્સના સંપર્કમાં આવી હતી. અઠવાડીયા અગાઉ સગીરા ઘરેથી એંઠવાડ નાંખવાના બહાને ઘરેથી નીકળી ગઈ હતી. જે ઘણીવાર થઈ ગઈ હોવા છતા પરત ફરી ન હતી. જેથી સગીરાની પરિવારે શોધખોળ આદરી હતી. આ દરમિયાન માલુમ પડ્યું હતું કે આ શખ્સ સાથે સગીરા સંપર્કમાં રહેતી હતી. જે અંગે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. જેને પગલે ગાંધીનગર પોલીસ દ્વારા તપાસ શરુ કરવામાં આવી હતી. સગીરાનું અપહરણ કરી શખ્સ વતન ઉતરપ્રદેશ લઈ ગયો હોવાની હકીકત પ્રકાશમાં આવી હતી. જેથી પેથાપુર પીએસઆઈ એમ.કે.રાણાએ એક ટીમને તાત્કાલીક ઉતરપ્રદેશ મોકલી આપી હતી. પોલીસે ગણતરીના દિવસોમાં જ સગીરા અને શખ્સને શોધીને પકડી પાડી ગાંધીનગર લઈ આવી હતી. ત્યારપછી પોલીસે શખ્સની ધરપકડ કરી સગીરાને પરિવારને સોંપી હતી.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ દ્વારા અમલમાં મુકાયેલ દૃષ્ટિ પ્રોજેક્ટ અંગે આજે સમીક્ષા બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર જિલ્લાની કચેરીઓ આજે રવિવારે રજાના દિવસે પણ ચાલુ રહી હતી.
- ગાંધીનગર શહેરમાં આઈ.પી.એલ.ની લોકચાહના વધી છે. આજે ગરમી હોવાથી લોકોએ ઘરમાં બેસી મેચ નિહાળી સમય પસાર કર્યો હતો.
- કૃષિક્ષેત્રે વીજ પુરવઠો પુરતા પ્રમાણમાં અને પુરા સમય માટે નહિ અપાતો હોવાની ફરિયાદો ખેડૂતોમાં ઉઠી છે.
- દહેગામ રખિયાલ સામુહિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરના બે મોબાઈલ ચોરાતા આરોગ્યતંત્રમાં ચિંતાની લ્હેર પ્રસરી જવા પામી છે.
- મેયર કપ ટુર્નામેન્ટમાં ગાંધીનગર મેયર ઈલેવનનો પરાજય થયો છે.
- ગિયોડમાં દૂષિત પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે ગ્રામજનો ત્રાહિમામ પોકારી ગયા છે.
- સિનીયર સિટીઝન કાઉન્સીલ દ્વારા વિધવા સહાય જરૂરિયાતમંદ ૪૮ પરિવારોને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- દહેગામના મોટી મોરાલી પ્રા. શાળાના શિક્ષક સંજયભાઈ પટેલને ચિત્રકૂટ એવોર્ડ પ્રસિદ્ધ રામાયણી સંત મોરારીબાપુના હસ્તે એનાયત થયો છે.

સે-૨૧માં પાર્કિંગ એરિયામાં વાહનોને બદલે ખાણીપીણીની લારીઓના અડ્ડા...!!



ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતેના ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર પાસેના કોમર્શિયલ વિસ્તારમાં વિકસાવાયેલા વાહન પાર્કિંગ એરિયામાં બેરોકટોક ખાણીપીણીની લારીઓના દબાણોને કારણે દિવસ દરમ્યાન ઉપરાંત સાંજના સમયે વારંવાર ટ્રાફિક જામ થવાની સમસ્યા સર્જાઈ રહી છે. ખાસ કરીને દિવસ દરમ્યાન વારંવાર સિનેમા હોલમાં શો છુટવાના સમયે આ વિસ્તારમાં અત્યંત મુશ્કેલીભરી સ્થિતિ સર્જાઈ રહી છે જે સમયે આ વિસ્તારની ફુટપાથ તેમજ પાર્કિંગ લોટમાં ટ્રાફિક નિયમન કારોની ગેરહાજરી અને વહીવટી તંત્રની મીઠી નજરની મિલીભગતના ઓથે ખાણી પીણીની લારીઓ અડિંગા જમાવીને બેઠી હોય છે, એટલું જ નહીં પરંતુ ગ્રાહકો માટેના સ્ટુલ્સ પણ રોડ સાઈડના પાર્કિંગમાં મુકીને ખુલ્લી હોટલો જેવી સ્થિતિ બાનાવીને વેપાર કરવામાં આવે છે જેના કારણે સમાન્ય વાહનચાલકોને ભારે પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે અને ના છુટકે વાહન ચાલકોને તેમનું વાહન રોડ પર મુકવું પડે છે. જુની રાજશ્રી સિનેમાની જગ્યાએ બનેલા નવા મોલ સામેના પાર્કિંગ એરિયામાં ગેરકાયદેસર રીતે અડ્ડો જમાવતા ખાણી પીણીવાળા શું વહીવટીતંત્રને દેખાતાં નહીં હોય? જે રીતે તેઓ દાદાગીરીથી પાર્કિંગમાં અડ્ડા જમાવીને ઉભા રહી જાય છે તેને જોતા આ વિસ્તારના વેપારીઓ દ્વારા કરવામાં આવતો 'હપ્તાખોરી'નો આક્ષેપ સાચો જ જણાઈ રહ્યો છે.

અમારા વાસમાં કેમ આંટાફેરા મારે છે, કહીને સગીર યુવકને ધોકા વડે માર માર્યો

ગાંધીનગર, તા.૧૫

ભાઈજીપુરા પાટીયા પાસે નવી બની રહેલી બાંધકામ સાઈટ પર રહેતા સગીર યુવકને અમારા વાસમાં આંટાફેરા કેમ મારે છે, તેમ કહી યુવક સાથે બોલાચાલી અને ગાળાગાળી કરી ગડદાપાટુ અને ધોકા વડે માર માર્યો હતો. યુવકને શરીરે તેમજ પેટમાં ઈજા પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયો હતો. જયારે બનાવ અંગે યુવકે ઈન્ફોસીટી પોલીસ મથકે એક વ્યકિત સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાઈજીપુરા પાટીયા પાસે ટ્રીનેટી સાઈડ ખાતે સાગર અમરતભાઈ રાવળ પોતાના પરિવાર સાથે રહે છે. ગત તા.૧૦ મે ના રોજ બપોરના આશરે ત્રણ વાગ્યાના અરસામાં યુવક શ્યામશુકન રેસીડેન્સીની સામે વૈદીકા ઈ સીરીઝના ગેટ પાસે બેઠો હતો. તે સમયે એક શખ્સ યુવકને બાઈક પાછળ બેસાડી ટ્રેકટરના ફેરાની વાતચીત અંગે તેની સાથે વૈદીકા બંગ્લોઝની પાછળ યુવકને લઈ ગયો હતો. ત્યારબાદ યુવક કંઈ બોલે કે સમજે તે પહેલા શખ્સે તેની સાથે ઝપાઝપી કરવા લાગ્યો હતો. તે સમયે ભાઈજીપુરા ભરવાડ ખાતે રહેતા શંકરભાઈ કરશનભાઈ ભરવાડ ધોકો લઈને આવીને ગાળો બોલી મારવા લાગ્યા હતા.જેથી યુવકે મારવા અંગે પુછતા કહેવા લાગ્યા કે તને ચરબી ચડી ગઈ છે, તુ અમારા વાસમાં આંટાફેરા મારે છે, તારી દાનત સારી લાગતી નથી. તેમ કહી બંન્ને જણા મને ગડદાપાટુનો માર મારી નીચે પાડી દઈ પેટના ભાગે પણ ધોકા વડે માર માર્યો હતો. આ સમયે કેટલાક નાગરીકો ત્યાં આવી પહોંચતા આ બંન્ને જણા ભાગી ગયા હતા. બંન્ને જણા જતા જતા આજે તુ બચી ગયો છે, જો ફરીથી મળીશ તો જાનથી મારી નાંખીશ તેમ કહી જતા રહ્યા હતા. ત્યારબાદ યુવકને ઈજા પહોંચતા તેનો મિત્ર ગાંધીનગર સિવિલ ખાતે લઈ ગયો હતો.ત્યારબાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે શંકરભાઈ કરશનભાઈ ભરવાડ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ખોરજ લેકવ્યુ ફલેટના ભોંયરામાંથી ત્રણ સટ્ટોડીયા ઝડપાયા

ગાંધીનગર, તા.૧૫

ખોરજ ગામની સીમમાં આવેલા લેક્વ્યુ ફેલટના ભોંયરામાં બેસીને આઈપીએલ ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતા ત્રણ શખ્સોને અડાલજ પોલીસે પકડી પાડ્યા છે. રાણીપના ત્રણેય શખ્સો ઈસકોન ૭૭૭૭ ડોટ કોમ નામની વેબસાઈટ પર સનરાઈસ હૈદરાબાદ અને કલકતા નાઈટ રાઈડર્સ વચ્ચે ચાલી રહેલી મેચ પર સટ્ટો રમાડતા હતા. પોલીસે ત્રણેય શખ્સો પાસેથી રૂ.૮ હજારની કિંમતના બે મોબાઈલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન અન્નપૂર્ણા સર્કલ પાસે આવતા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે ખોરજ લેક્વ્યુ ફલેટના ભોંયરામાં કેટલાક શખ્સો હાલમાં ચાલી રહેલી સનરાઈઝ હૈદરાબાદ અને કલકત્તા નાઈટ રાઈડર્સ આઈપીએલ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર જઈ દરોડો પાડીને અમદાવાદ ન્યુ રાણીપ શુકન સ્માઈલ સીટી ડી.૨-૪૦૪ ખાતે રહેતા કલ્પેશકુમાર ભવાનભાઈ પટેલ, ન્યુ રાણીપ નિશાન રેસીડેન્સી ખાતે રહેતા વિશાલ યોગેશભાઈ પટેલ અને આર્ય વિલા આઈ-૫ ખાતે રહેતા સાહીલ ભરતભાઈ પટેલ ને પકડી પાડ્યા હતા. સાહીલ પટેલનો મોબાઈલ ચેક કરતા તેમાંથી ઓનલાઈન સટ્ટો રમાડતા હોવાનું જણાયું હતું. પોલીસે ત્રણેય શખ્સો પાસેથી ૨ મોબાઈલ ફોન કબ્જે કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર - ૮ માં ૬૭૭/૨ ઘ ટાઈપના સરકારી મકાનમાં કામચલાઉ થાગડ થીગડ કરીને કલરકામ કર્યા બાદ આખું છજુ શુકવાર ૧૩/૫ બપોરે ૧ વાગે પડી ગયું. ડી.ઈ.એસ.ઓ અને સુપરવાઈઝરની જાણ માટે વોટસ અપ ફોટો અને ફોન થી જાણ તરત કરી હતી. હાલ અત્યારે પણ આ લખાય છે ત્યારે પણ આ પરિસ્થિતિ છે. સુપરવાઈઝર, સ્ટાફ તે જ દિવસે આવીને જોઈને ગયા હતા. હવે આગે આગે ગોરખ જાગે....જન ફરિયાદ

વલાદ ગામમાંથી ખુલ્લામાં જુગાર રમતા ચાર શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૫

ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એ.એ.વછેટાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે વલાદ બ્રીજ પાસે પહોંચતા સાથે રહેલા સંજયકુમાર રમણલાલ અને વિરેન્દ્રસિંહ રજબસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે વલાદ મસ્જીદ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.

જેથી પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈને દરોડો પાડીને કુડાળુ વળીને જુગાર રમી રહેલા રામસીંગ અમરબહાદુર પટેલ (ઉં.૨૬ રહે.વલાદ), રણજીતકુમાર પોપટજી ચૌહાણ (ઉં.૩૬ રહે.વલાદ ઠાકોરવાસ), રાહુલ કનુજી ઠાકોર (ઉં.૧૯, રહે.વલાદ ઠાકોરવાસ), રમરાજી નાનાજી ઠાકોર(ઉં.૩૨ વલાદ બાલીયાવાસ) ને પકડી પાડી દાવ પરથી તેમજ અંગજડતી દરમિયાન મળી કુલ રૂ.૧૧,૦૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ચરાડાના દિવ્યાંગની વોશિંગ્ટનમાં વોલીબોલની ટીમમાં પસંદગી

ગાંધીનગર, તા.૧૫

કદમ જેના અસ્થિર હોય તેને રસ્તો જડતો નથી અને અડગ મનનાં માનવીને હિમાલય પણ નડતો નથી. આ ઉકિતને ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ચરાડા ગામનાં યુવાને સાર્થક કરી છે.

જેણે પોતાના આત્મબળ અને ખેત મજુરી તથા પશુપાલન કરનારા માતા પિતાના સતત પ્રોત્સાહનથી આગામી ૧૬મી જુલાઈએ અમેરિકાના વોશિંગ્ટનમાં રમાનાર ત્રીજી વર્લ્ડ ડેફ વોલીબોલ ચેમ્પિયનશીપની રમતમાં કેપ્ટન તરીકે પસંદગી પામતા તેમાં ભાગ લેવા જનાર છે. માણસા તાલુકાના ચરાડા ગામે રહેતા અને ખેત મજુરી તથા પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા રમણભાઈ ચૌધરીનાં ૨૬ વર્ષીય હિતેશકુમાર ચૌધરી મુકબધિર અને દિવ્યાંગ છે જે બચપણથી ભણવાની સાથે રમતગમતમાં પણ નિપુણ હોવાથી તેને આગળ વધવા માટે માતા પિતા દ્વારા સતત પ્રોત્સાહન પુરું પડાતા વોલીબોલની રમતમાં અગ્રેસર રહેતો હતો. હિતેશ વોલીબોલની સ્પર્ધામાં અગાઉ બેંગ્લોર ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા નેશનલ વોલીબોલમાં પણ પસંદગી પામી પ્રથમ સ્થાન હાસંલ કર્યું હતું. વોલીબોલની સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ બદલ ઓલ ઈન્ડિયા સ્પોર્ટસ કાઉન્સિલ ઓફ ધ ડેફ દ્વારા હિતેશ ચૌધરીની ૧૬ જુલાઈના રોજ અમેરિકાના વોશિંગ્ટનમાં રમાનાર ત્રીજી વર્લ્ડ ડેફ વોલીબોલ ચેમ્પિયનમાં કેપ્ટન તરીકે પસંદ કર્યો છે. જે ગુજરાત તરફથી યુનિવર્સિલ કેટેગરીમાં દેખાવ કરશે. આમ, માણસા તાલુકાના નાનકડા ચરાડા ગામના દિવ્યાંગ હિતેશ ચૌધરીની પસંદગીથી સમગ્ર ગામ, શહેર અને જિલ્લાનું ગૌરવ વધવા પામ્યું છે.

૧૭મીએ 'માણસાઈના મશાલચી ડૉ. મફતલાલ પટેલ' ગ્રંથનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૫

અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા ૧૭મીએ પુસ્તક વિમોચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વરિષ્ઠ કેળવણીકાર, સમાજસેવક, લેખક અને 'અચલા'ના તંત્રી ડૉ. મફતલાલ પટેલ જીવનયાત્રાનો ૮૫ વર્ષ પૂર્ણ કરી ૮૬માં વર્ષમાં પ્રવેશ્યા છે.

આ અવસરે દધીચિ ઠાકર દ્વારા લિખિત-સંપાદિત 'માણસાઈના મશાલચી ડૉ. મફતલાલ પટેલ' ગ્રંથનું વાચકાર્પણ મંગળવારે સાંજે ૪ કલાકે યોજાશે. આ કાર્યક્રમ પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ અને કોમ્યુનિટી હોલ, રાજપથ ક્લબની પાછળ, કેન્સવિલે ગોલ્ફ અકેડેમીની સામે, બોડકદેવ ખાતે યોજાશે.

KALPA-TARU®

POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028 **CIN :** L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 **Fax :** +91 79 2321 1966 **E Mail :** cs@kalpatarupower.com

Extract of Audited Financial Results for the Quarter and Year Ended March 31, 2022

(₹ in Crores)

Particulars	Standalone				Consolidated			
	Quarter Ended		Year Ended		Quarter Ended		Year Ended	
	March 31, 2022	March 31, 2021	March 31, 2022	March 31, 2021	March 31, 2022	March 31, 2021	March 31, 2022	March 31, 2021
Total Income from Operations	2,010	2,337	7,062	7,671	4,135	4,086	14,777	12,949
Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items)	134	201	505	663	157	283	511	735
Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items)	134	201	722	831	157	283	696	945
Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items)	87	130	515	615	115	187	535	662
Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax)	103	133	521	631	155	182	579	672
Equity Share Capital (Face Value of ₹ 2 each)	30	30	30	30	30	30	30	30
Other Equity (excluding Revaluation Reserve)			4,332	3,833			4,249	3,709
Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations)								
a) Basic	5.84	8.73	34.61	40.57	7.19	11.68	36.28	44.25
b) Diluted	5.84	8.73	34.61	40.57	7.19	11.68	36.28	44.25

Notes :
1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com.**
2 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on May 14, 2022. The same have also been subjected to audit by the Statutory Auditors.
3 The Board of directors of the Company in their meeting held on February 19, 2022 have approved a Scheme of amalgamation of JMC Projects (India) Limited with the Company. The appointed date under the Scheme is April 1, 2022 and will become effective upon receipt of requisite approval / orders from the competent authorities and Hon'ble NCLT.
4 The Board of Directors have recommended a dividend of ₹ 6.50 per Equity share of ₹ 2 each of the Company for the financial year 2021-22.
5 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

Place : Mumbai
Date : May 14, 2022

Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.